NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડો. ટી. આર. અહલાવત
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

સંશોધન નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી- ૩૯૬ ૪૫૦

યુનિવર્સીટી ખાતે ચાલતી વિવિધ વિકાસ ખર્ચ (પ્લાન) અને સ્થાયી ખર્ચ (નોન-પ્લાન) યોજનામાં લેવામાં આવતી મંજૂરીઓ બાબત...

-: પરિપત્ર :-

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના તમામ વિભાગ/કચેરી/સંશોધન કેન્દ્રના વડાશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સીટી ખાતે ચાલતી વિવિધ વિકાસ ખર્ચ (પ્લાન) અને સ્થાયી ખર્ચ (નોન-પ્લાન) યોજનાઓ અંતર્ગત યોજનાકીય હેતુઓ મુજબની કામગીરી માટે ખર્ચ કરવાની મંજૂરીઓ યુનિવર્સીટીના સ્ટેચ્યુટ મુજબ સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવવાની થતી હોય છે. આથી સ્ટેચ્યુટ મુજબ ખરીદી/ખર્ચ માટેની આચાર્યશ્રી/ડીનશ્રી/જે-તે કેન્દ્રના વડાશ્રીની સત્તા પૂર્ણ થયાના કિસ્સામાં મેળવવાની થતી મંજુરીઓ માટે મહાવિદ્યાલયો ખાતે ચાલતી તમામ યોજનાઓ માટે કુલસચિવશ્રી, વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો ખાતે ચાલતી તમામ યોજનાઓ માટે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી અને સંશોધન કેન્દ્રો ખાતે ચાલતી તમામ યોજનાઓ માટે સંશોધન નિયામકશ્રીને જ જરૂરી આધાર - પુરાવાઓ સાથે દરખાસ્ત કરવાની રહેશે. જેની સર્વે અધિકારીશ્રીઓએ ખાસ નોંધ લેવી.

સદર બાબતની નોંધ પર માન. કુલપતિશ્રીએ અનુમતી આપેલ છે.

જા.નં.નકૃયુ/સંનિ/વિકાસ ખર્ચ/મંજુરી/1409-10 /૨૦૨૬
તા. 16/૦૨/૨૦૨૬

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ સવિનય રવાના :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂં.
૨. યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂં.